# હું વન ડે નહીં ૨૦-૨૦ રમવા આવ્યો છું : વિજય રૂપાણી

## મારી એક ઇંચ જમીન નથી અને કોઇ ભાગીદાર નથી

ગાંધીનગર

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ એવો ગર્ભિત સંકેત આપ્યો હતો કે "ગુજરાતમાં




હું વન ડે ક્રિકેટ મેચ નહીં પરંતુ ૨૦-૨૦ રમવા માટે આવ્યો છું તેથી મારા કામોમાં પારદર્શિતા અને ઝડપ હોય છે. અડધી પીચે જઈને હું રમું છું અને મને ક્રિઝની ચિંતા નથી. રાજ્યના શહેરોની જમીનમાં મારો કોઈ ભાગીદાર નથી, કારણ કે મારી પાસે અમદાવાદ, સુરત કે વડોદરામાં એક ઈંચ પણ જમીન નથી."

રાજ્યમાં સરકારને અસ્થિર કરતાં તત્વોને સીધો જવાબ આપતાં રૂપાણીએ કહ્યું કે, હું જ્યારે મુખ્યમંત્રી બન્યો ત્યારે મેં નક્કી કર્યું હતું કે એક વર્ષમાં શહેરોની ૧૦૦ ટાઉન પ્લાનિંગ સ્કીમો મંજૂર કરવી અને તે હું કરી રહ્યો છું. લોકહિતના નિર્ણયો લેવામાં મેં ક્યારેય કોઈ કચાશ રાખી નથી.

અમદાવાદના ગાહેડ અને ક્રેડાઈ આયોજીત પ્રોપર્ટી શો માં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પહેલીવાર રાજકીય નિવેદનો કર્યા છે. રાજ્યના બિલ્ડરો અને ડેવલપર્સ તરફ ઈશારો કરી તેમણે કહ્યું કે અહીં બેસેલો કોઈ મારો ભાગીદાર નથી. હું સ્પષ્ટ વક્તા છું અને ઝડપથી નિર્ણયો લઈ શકું છું. શહેરી વિકાસ વિભાગને મારી સૂચના છે કે વર્ષે ૧૦૦ ટીપી સ્કીમો મંજૂર થવી જોઈએ અને બે વર્ષમાં મારા વિભાગે ૨૦૦ ટીપી સ્કીમો મંજૂર કરી છે.

રૂપાણીએ કહ્યું કે અમદાવાદની બે-ચાર ટીપી સ્કીમો કોમ્પ્લિકેટેડ છે. લોકો સળગતા લાકડામાં હાથ નાંખતા ડરે છે પરંતુ મારે તો તેમાં પાણી નાંખવું છે. મારે ક્યાંય દિવાસળી ચાંપવી નથી. ગુજરાતના શહેરોનો વિકાસ આપણે આગળ વધારવાનો છે. મારે ઈમાનદારીથી કામ કરવું છે અને મારો કોઈ પર્સનલ એજન્ડા પણ નથી.

# શહેરમાં આકરી ઠંડી : પારો ૧૧.૬

## છેલ્લા ૨૪ કલાકમાં ૩ ડિગ્રી પારો ગગડતા ઠંડીનો આકરો મિજાજ

## ઠંડા પવનોમાં ઠુંઠવાતું શહેર : શહેરના જનજીવન પર ઘેરી અસર

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરમાં એક જ દિવસમાં ત્રણ ડિગ્રી પારો ગગડતા વસાહતીઓ ઠંડીમાં થથર્યા હતા. ઠંડા પવનોના કારણે વસાહતીઓ હેરાન પરેશાન થઈ ગયા હતા. પવનની ગતિ વધુ રહેતા હોર્ડીંગ્સ, બેરીકેટ્સ વગેરે જમીનદોસ્ત થઈ ગયા હતા.



ગાંધીનગર એક જ દિવસમાં ઠંડુગાર બની ગયું હતુ. લઘુત્તમ તાપમાનનો પારો છેલ્લા ૨૪ કલાકમાં સડસડાટ ત્રણ ડિગ્રી જેટલો નીચે ઉતરી જતાં વસાહતીઓને આકરી ઠંડીનો અનુભવ થયો હતો. ગયા અઠવાડિયે શહેરનું તાપમાન સમતલ રહ્યુ હતુ. લઘુત્તમ અને મહત્તમ તાપમાન ઉંચુ રહેતા ઠંડીમાં થોડીક રાહત મળી હતી. વળી દિવસ દરમ્યાન મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રીથી વધી જતાં ક્યારેક બફારો અનુભવાતો હતો. જોકે છેલ્લા બે દિવસથી તાપમાનનો પારો નીચે જતો જાય છે. ઉત્તર ભારતના પર્વતીય વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી બરફવર્ષા થઈ રહી છે. કેટલાય વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન માઈનસ ડિગ્રીએ પહોંચ્યુ

### કયા શહેરમાં કેટલુ તાપમાન

| શહેર | લઘુત્તમ | મહત્તમ |
|---|---|---|
| નલીયા | ૪.૬ | ૨૫.૨ |
| ડીસા | ૭.૮ | ૨૬.૪ |
| કંડલા(એરપોર્ટ) | ૯ | ૨૬.૪ |
| ભૂજ | ૯ | ૨૬.૪ |
| અમરેલી | ૯.૨ | ૨૮.૪ |
| કચ્છ-માંડવી | ૧૦.૯ | ૨૭.૫ |
| વલ્લભવિદ્યાનગર | ૧૦.૯ | ૨૭.૫ |
| ગાંધીનગર | ૧૧.૬ | ૩૦ |
| દીવ | ૧૦.૬ | ૨૯ |
| અમદાવાદ | ૧૧.૬ | ૨૬.૬ |
| રાજકોટ | ૧૨ | ૨૮.૩ |
| ન્યુકંડલા | ૧૨.૨ | ૨૮.૪ |

● અનુસંધાન પાન-૭ પર

# મનપામાં નાયબ કમિશ્નરના મામલે વિવાદ ઘેરો બન્યો

## ૧૩ કાઉન્સીલરોએ સામાન્ય વહીવટ વિભાગના અગ્ર સચિવને પત્ર લખી રજુઆત કરી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગર પાલિકાના નાયબ મ્યુનિ. કમિશ્નર ભરતભાઈ જોશીની બદલીને લઈ નવો વિવાદ મનપામાં ઉભો થયો છે. તેઓ તેમની બદલીની જગ્યાએ હાજર નહિ થયા હોવાથી અહિ નિમણુંક પામેલ નવા નાયબ મ્યુનિ. કમિશ્નર દવેને ચાર્જ સોંપવામાં આવ્યો નથી.

આ મુદ્દે આજે મહાનગરપાલિકાના ૧૩ સભ્યોની સહિથી એક પત્ર સામાન્ય વહીવટ વિભાગના અગ્ર સચિવ કમલ દયાનીને લખવામાં આવ્યો છે.

બીજી તરફ એવી વાત પણ મનપાના સૂત્રોમાંથી થઈ રહી છે કે મનપામાં ૩ નાયબ મ્યુનિ કમિશ્નરની જગ્યા મંજૂર થઈ છે એટલે તેમને છુટા કરવામાં આવ્યા નથી. સ્માર્ટસીટી અને વિકાસના મહત્વના કામો ચાલુ હોવાથી તેમને છુટા કરવામાં આવ્યા નથી.

મનપાના સૂત્રો જ આ દલીલના જવાબમાં એવુ જણાવી રહ્યા છે હાલ મનપા પાસે માત્ર ૧ જ સેવા છે અને તે સફાઈની છે. બીજુ સ્માર્ટસીટી માટે અલાયદુ બોર્ડ છે એને અને મનપાની કામગીરી સાથે જોડી શકાય નહિ.

૩ જગ્યાઓ મંજૂર થઈ છે જરૂર પણ ૧ ના. મ્યુનિ. કમિશ્નરની નિમણુંક અને કાર્યભાર અંગેનો નિયમો નિયત થયેલા છે જ્યારે બે નાયબ મ્યુનિ. ક્મિશ્નરોની જગ્યાના આર.આર. મંજૂર થયા જ નથી.

સરકારે જ્યારે બદલીના હુકમો કર્યા છે ત્યારે સ્વેસીફીક જોશીના સ્થાને દવેને નિયુક્ત કર્યા છે. તેમને છુટા નહિ કરવા માટે સરકારના શિસ્ત અને સેવાના નિયમોનું અર્થઘટન ખોટુ કરવામાં આવી રહ્યું છે. બદલી પામેલ અધિકારીએ જગ્યાએથી છુટા થઈ અને તાત્કાલિક નવી જગ્યાએ હાજર થવાનુ રહેશે નહિ તો શિસ્તવિષયક કાર્યવાહી કરવામાં આવશે તેવી સ્પષ્ટ સૂચનાઓ સામાન્ય વહીવટ વિભાગની છે.

મનપાના નાયબ મ્યુનિ. કમિશ્નર જોશીને સુરેન્દ્રનગરના નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે મુકવામાં આવ્યા છે અને પંચ દ્વારા મતદારયાદી સુધારણાની મહત્વની કામગીરી ચાલી રહી છે છતાં પણ તેમને છુટા નહિ કરવા પાછળનું ગણિત સમજાતુ નથી.

૧૩ કાઉન્સીલરોએ આ બાબતે મ્યુનિ. કમિશ્નરની શંકાસ્પદ નીતિ રીતિ સામે પણ આંગળી ચીંધી છે.

એવી પણ લોકમુખે વાતો થઈ રહી છે કે દવે તેમની નવી

● અનુસંધાન પાન-૭ પર

# જુના સેકટરોમાં ડહોળુ પાણી આવતુ હોવાનો કકળાટ

## રહીશોમાં રોષ : સંપની સફાઇ કામગીરી ડહોળા પાણીની સમસ્યા માટે જવાબદાર : આજથી પાણી ડહોળુ આવશે નહીં

ગાંધીનગર તા ૨૭

શહેરના સેકટરોમાં વારંવાર પાણી ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદો ઉઠતી રહે છે. જયારે પાણીની ગુણવત્તા સામે પણ અનેકવાર સવાલો મંડરાય છે. વરસાદી દિવસો દરમિયાન પણ શહેરમાં ડહોળુ પાણી આવતુ હોવાનો કકળાટ લાંબો સમય ચાલ્યો હતો. જયારે સંપની સફાઈ કામગીરી ચાલતી હોવાના લીધે શહેરના જુના સેકટરોમા હાલ ડહોળુ પાણી આવતુ હોવાનો રોષ પ્રબળ બન્યો છે. આજે નગરના જુના સેકટરોમાં ડહોળુ પાણી આવ્યુ હતુ.

ગાંધીનગરના સેકટરોમાં વારંવાર ડહોળુ પાણી આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. વરસાદી દિવસો દરમિયાન પણ ઉપરવાસમાં પાણીની આવક વધતા નર્મદા કેનાલમાં પાણીનો ફોર્સ વધી ગયો હતો જેના લીધે સેકટરોમાં એક મહીના સુધી ડહોળા પાણીની ફરિયાદો ઉઠવા પામી હતી. જયારે ઘણીવાર પાણીની લાઈન સાથે ગટરલાઈનનુ મિશ્રણ થઈ જતા પાણીની ગુણવત્તા સામે અનેક સવાલો ઉઠવા પામે છે. શહેરમાં પાણીનો વપરાશ વિશેષ છે.

● અનુસંધાન પાન-૭ પર

# સિવિલના ઈ એન ટી વિભાગમાં સર્જરી કરી યુવાનના મગજમાંથી પરું કાઢ્યું

## સિવિલના ડો સુરી સહીતના તબીબોની પ્રથમવાર ઇ એન ટી વિભાગમાં આ પ્રકારની સર્જરી કરી ૫૦ સીસી પરુ કાઢીને માણસાના યુવા દર્દીને મોતના મુખમાંથી ઉગાર્યો

ગાંધીનગર તા ૨૭

નગરની સિવિલ હોસ્પિટલની તબીબી ટીમે મગજમાં પરુ લઈને આવેલા



દર્દીની સર્જરી કરી તેને નવજીવન આપ્યુ છે.નગરની સિવિલ હોસ્પિટલના ઈ એન ટી વિભાગની ઓપીડી માં બે દિવસ પુર્વે માથાના દુખાવાની ફરિયાદ લઈને આવેલા માણસા તાલુકાના રીદ્રોલના યુવાન દર્દીને સીટી સ્કેન અને એમ આર આઈ કરાવતા મગજમાં પરુ હોવાનુ ધ્યાને આવ્યુ હતુ જેને અનુલક્ષી સિવિલમાં ન્યુરોસર્જન નહીં હોવાના લીધે ઈ એન્ડ ટી સર્જને જ કાનના પાછળના ભાગમાં સર્જરી કરી હતી. જયારે આ સર્જરી દરમિયાન ૫૦ સી સી થી વધુ સફળ સર્જરી કરવામાં આવી હતી.

નગરની સિવિલ હોસ્પિટલમાં ન્યુરોસર્જન નહીં હોવાના લીધે મગના દર્દીઓ માટે સર્જરીની સેવા સિવિલ હોસ્પિટલમાં થતી નથી. આ સ્થિતિ વચ્ચે બે દિવસ અગાઉ માણસાના રીદ્રોલના ૨૭ વર્ષીય દર્દી કાન નાક ગળાના વિભાગમાં માથાના દુખાવાની ફરિયાદ માટે ચેક કરાવવા આવ્યો હતો. પ્રાથમિક દ્રષ્ટીએ સિઝનની અસરના લીધે માથાનો દુખાવો હોવાનુ ડોકટરને લાગ્યુ હતુ. પરંતુ તેમણે આ વિભાગના અનુભવી ડોકટર સુરીને બતાવતા તેમના મગજમાં તકલીફ હોવાનુ કારણ કાઢીને દર્દીને સીટી સ્કેન તેમજ એકસ્રે માટે સલાહ આપી હતી. જેના આધારે યુવાનના મગજમાં પરુ થઈ ગયુ હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. આ ઈ એન ટી સર્જન ન્યુરોલોજીસ્ટ સાથે ચર્ચા કરી દર્દીનુ ઓપરેશન કરાયુ હતુ. આ વિભાગમાં પ્રથમવાર મગજનુ ઓપરેશન થઈ રહ્યુ હતુ જેથી ખુબ જ ગંભીરતા દાખવવામાં આવી હતી. રીપોર્ટના અંતે આજે સવારે જ ઓપરેશન કરાયુ હતુ. ડો સુરીએ દર્દીના

● અનુસંધાન પાન-૭ પર






શહેરમાં આજે સવારથી જ ઠંડા બર્ફિલા પવનનુ સામ્રાજય જોવા મળી રહ્યુ છે. જેના લીધે કોલ્ડવેવથી જનજીવન પ્રભાવિત રહ્યુ હતુ. બપોરના સમયે પણ સુસવાટા મારતા ઠંડા પવનનુ જોર વધતા માર્ગો પર મુકવામાં આવેલા પોલીસ બેરિકેટ્સ પણ નીચે પડી ગયા હતા જયારે ચ-૩ પાસે વૃક્ષો પણ નમી પડયા હતા.

# ઉનાવાની પેટા ચૂંટણીના પ્રચાર-પડઘમ શાંત

## રવિવારે મતદાન : ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ

ગાંધીનગર, તા. ૨૭

આગામી ૨૯મીએ યોજાનાર ઉનાવાની તા. પંચાયતની પેટા ચૂંટણીનો પ્રચાર-પડઘમ આજે સાંજે પાંચ વાગ્યાથી બંધ થઈ ગયો છે. ઉનાવા બેઠકની પેટા-ચૂંટણી સભ્યના અવસાનથી ખાલી પડી હતી. ઉનાવા, પીંપળજ, પિંડારડાના બનેલા આ મતવિસ્તારમાં ૧૦ હજાર જેટલા મતદારો નોંધાયેલા છે. આ બેઠક પર ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધી સ્પર્ધા જામી છે.

આ બેઠકની પેટા-ચૂંટણીના પ્રચાર અભિયાનમાં બન્ને પક્ષોના જિલ્લા સ્તરના આગેવાનો જોડાયા હતા. ડોર ટુ ડોર પ્રચાર અભિયાન પર આ જંગમાં વધુ ભાર મુકવામાં આવ્યો છે.

બન્ને પક્ષોએ જાહેર પ્રચાર અભિયાનમાં એડીચોટીનું જોર લગાવ્યુ છે અને વિજય માટેના દાવાઓ પણ આજે પ્રચાર-પડઘમ શાંત થતાં કરી દીધા છે.

ગાંધીનગર તાલુકા પંચાયતમાં આ બેઠકનો જંગ મહત્વનો પુરવાર થઈ રહેલ છે. હાલ કોંગ્રેસ પાસે વધુ બેઠક હોવા છતાં સત્તા ભાજપ પાસે છે.

લોકસભા ચૂંટણી પછી જિલ્લામાં અને ગાંધીનગર તાલુકામાં આ પહેલી પેટા-ચૂંટણી હોઈ બન્ને પક્ષો જીતવા માટે આતુર છે. ૨૯મીએ સવારે ૮ વાગે આ ચૂંટણીનું મતદાન શરૂ થશે.

આ પેટા-ચૂંટણી અંગે તંત્રએ તેની તૈયારીઓ પુરી કરી લીધી છે.


**બેસણું**



ગુ.હા.સ.ચા.મોઢ બ્રાહ્મણ જ્ઞાતિના ભાવનાબેન કીરીટભાઈ ત્રિવેદી ઉ.વ.૬૩ (સેવા નિવૃત્ત, વિમા નિયામક કચેરી, જુના સચિવાલય)નું તા.૨૫-૧૨-૧૯ના ગાંધીનગર ખાતે અવસાન થયેલ છે. તેશ્રી કીરીટભાઈ શાંતીલાલ ત્રિવેદીના પત્ની, વર્ણા પ્રમીતકુમાર બ્રહ્મભટ્ટ (અમદાવાદ), દર્શા મૌતિકકુમાર ત્રિવેદી (બરોડા), કૌશાની (ગાંધીનગર)ના માતૃશ્રી, સ્વ.ડૉ.રામેશ્વરભાઈ ત્રિવેદી (ભાવનગર-લાઠી)ના પુત્રીનું બેસણું તા.૨૯-૧૨-૧૯ રવિવારના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે રાખેલ છે. પિયરપક્ષનું બેસણું સાથે રાખેલ છે.

સ્થળ ભક્તિમાતા ભવન હોલ, સ્વામીનારાયણ મંદિર, સેક્ટર-૨, ગાંધીનગર.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

**વજન ઘટાડો**

વૈદ્યશ્રી નંદકુમાર - વજન ઘટાડવાના નિષ્ણાંત દ્વારા
ઔષધ - યોગ અને આહાર દ્વારા વજન ઘટાડો
જે વજન ઘટ્યા પછી વધે નહીં તેની ૧૦૦% ગેરંટી
જનતા જનાર્દનની સેવામાં ફ્રી યોગ સેમીનાર
તા. ૧/૧/૨૦૨૦ થી ૧૫/૧/૨૦૨૦ સુધી
સમય : સવારે ૬-૦૦ થી ૭-૦૦ અને સવારે ૭-૦૦ થી ૮-૦૦
સગર્ભા બહેનો માટે ખાસ યોગ કસરતો
ફ્રી માર્ગદર્શન પ્રેક્ટીકલ સાથે સવારે ૮ થી ૯
ક્લિનીક : ૧૦૫, સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧, દેના બેન્કની ઉપર, કુડાસણ સર્વિસ રોડ પર, ગાંધીનગર
નોંધ : રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. મો ૯૨૬૫૪ ૩૯૪૬૩
વધુ માર્ગદર્શન માટે રૂબરૂ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com